# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- વ્યાજખોરીને ડામવા ચાલી રહેલી ઝૂંબેશમાં યોજાયેલા 568 લોકદરબારમાં 31 હજારથી વધુ નાગરિકો જોડાયા
- આવતી કાલે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આણંદ ખાતે અને ગુરૂવારે ઉકાઈ ખાતે કાર્યક્રમ યોજાશે
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ ૩૧મી જુલાઈ સુધીમાં ઈ-કેવાયસી અને બેંક ખાતા સાથે આધારકાર્ડ જોડાણ ફરજિયાત કરાવી લેવાનું રહેશે.
- ગુજરાત મેરિટાઇમ બોર્ડ હસ્તકનાં નાના બંદરો પર પ્રથમ ત્રિમાસિક ગાળામાં માલ પરિવહનમાં 15 ટકાનો વધારો
- રાજ્યનાં 121 તાલુકામાં હળવાથી ભારે વરસાદ – રાજકોટના લોધિકામાં બે કલાકમાં 4 ઇંચ વરસાદ.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Vyajkhor Lok Darbar

નાગરિકોને વ્યાજના વિષચક્રમાંથી મુક્ત કરવા રાજ્ય સરકાર દ્વારા હાલમાં વિશેષ ઝૂંબેશ ચાલી રહી છે. ગુજરાત પોલીસ દ્વારા 21 જૂનથી ઝૂંબેશ શરૂ થઈ છે, જે

31 જુલાઈ સુધી ચાલશે. અત્યાર સુધી રાજ્યભરમાં યોજાયેલા 568 લોકદરબારમાં 32 હજારથી વધુ નાગરિકો જોડાયા છે. આ ઝૂંબેશમાં અત્યાર સુધીમાં ૧૩૪ એફઆઇઆર દાખલ કરવામાં આવી છે, જેમાં ૨૨૬ આરોપીઓ સામે ગુનો દાખલ થયો છે.

આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે.

**(BYTE -- HARSH SANGHVI)**

સામાન્ય પ્રજાને લોન-ધિરાણ મેળવવામાં મદદરૂપ થવા માટે રાષ્ટ્રીયકૃત બેન્કો, સહકારી બેન્કોના પ્રતિનિધીઓ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓ તથા જીલ્લામાં આ પ્રકારની લોન સહાય આપતાં અન્ય સરકારી વિભાગોના પ્રતિનિધીઓ સાથે સંકલન કરી લોન ધિરાણ અપાવવામાં સહાયતા માટે કેમ્પનું આયોજન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે એમ શ્રી સંઘવીએ જણાવ્યું હતું.

## National Fish Farmers Day

આવતી કાલે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસનાં રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આણંદ ખાતે અને 11મી જૂલાઈના રોજ ઉકાઈ ખાતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંબંધિત આધુનિક ટેક્નોલોજી અંગે માછીમારોને જાણકારી આપવામાં આવશે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ વર્ષ 2023-24માં ગુજરાતના ₹61 કરોડથી વધુના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. દરિયાઈ માછલીના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં બીજા સ્થાને અને અન્ય તમામ પ્રકારના માધ્યમથી થતા કુલ મત્સ્ય ઉત્પાદનમાં  પાંચમા સ્થાન પર છે.  છેલ્લા 4 વર્ષમાં ગુજરાતમાં સરેરાશ વાર્ષિક 8 લાખથી વધુ મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન થયું છે.

જળચર ઉછેરના વ્યવસાય સાથે સંકળાયેલી દરેક વ્યક્તિને સહકાર અને સહયોગ પ્રદર્શિત કરવા માટે ભારતમાં દર વર્ષે 10 જૂલાઈના રોજ ઉજવણી કરવામાં આવે છે.

## Pm kisan samman nidhi

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ તા. ૩૧મી જુલાઈ સુધીમાં ઈ-કેવાયસી અને બેંક ખાતા સાથે આધારકાર્ડ જોડાણ ફરજિયાત કરાવી લેવાનું રહેશે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં નોંધાયેલા ખેડૂત લાભાર્થીઓ માટે ૧૭માં હપ્તાના ચૂકવણા માટે લાભાર્થીઓની ચકાસણીની કાર્યવાહી આગામી ૩૧મી જુલાઇ સુધી ચાલુ છે.

રાજ્યના જે ખેડૂત લાભાર્થીઓને અત્યાર સુધી ઈ-કેવાયસી તથા બેંક ખાતાનુ આધાર સીડીંગ – ડીબીટી એનેબલ કરાવવાનું બાકી હોય તે તમામ લાભાર્થીઓએ તે સત્વરે પૂર્ણ કરવાનું રહેશે, ખેડૂતો જુદી-જુદી ચાર પધ્ધતિઓ દ્વારા ઈ-કેવાયસી પૂર્ણ કરી શકશે. જેમાં ગ્રામસેવક અને વિલેજ નોડલ ઓફીસરનો સંપર્ક કરીને પીએમ કિસાન મોબાઇલ એપ્લિકેશન પરથી ફેસ ઓથેન્ટીકેશન દ્વારા ઈ-કેવાયસી કરી શકાય છે. સાથે જ જે લાભાર્થીઓના મોબાઈલ નંબર આધાર કાર્ડ સાથે લીંક છે, તે ખેડૂત લાભાર્થીઓ ઘરે બેઠા પીએમ કિસાન પોર્ટલ પર અથવા મોબાઈલ પર OTP મોડ દ્વારા ઈ-કેવાયસી ખૂબ જ સરળતાથી કરી શકશે. આધાર કાર્ડમાં મોબાઈલ નંબર લીંક ન હોય તો ઇન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેંકની મદદથી મોબાઈલ નંબર લીંક કરાવી મોબાઈલ પર OTP મોડ દ્વારા પીએમ કિસાન પોર્ટલ પર ઈ-કેવાયસી કરી શકાય છે. આ ઉપરાંત નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) પર અને ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે લાભાર્થી રૂ. ૧૫ ચાર્જ ચૂકવીને બાયોમેટ્રિક ઓથેન્ટીફીકેશન દ્વારા પણ ઈ-કેવાયસી કરાવી શકે છે. આ પ્રક્રિયા સિવાય લાભાર્થી ગામની અથવા

નજીકની પોસ્ટ ઓફીસ ખાતે આધાર કાર્ડ સાથે ઉપસ્થીત રહી ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેંકમાં આધાર સીડીંગ-ડીબીટી એનેબલ સાથેનું નવું ખાતુ ખોલાવી શકે છે.

## GMB cargo

ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકનાં તમામ નાના બંદરો પર એપ્રિલથી જૂન દરમિયાન માલ પરિવહનમાં 15 ટકાનો વધારો થયો છે. ગયા નાણાકીય વર્ષનાં પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં 106 મિલિયન મેટ્રિક ટનની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષનાં સમાન સમયગાળામાં 122 મિલિયન મેટ્રિક ટન માલનું પરિવહન થયું છે એમ ગુજરાત મેરીટાઇમ બોર્ડની યાદીમાં જણાવ્યું છે.

આ જ સમયગાળા દરમિયાન દેશનાં મોટા બંદરોએ માલ પરિવહનમાં આશરે ચાર ટકા વધારો નોંધાવ્યો છે એમ ઇન્ડિયન પોર્ટ એસોસિએશને જણાવ્યું છે. રાજ્યમાં કુલ માર્ગ પરિવહનમાં નાના બંદરોનો હિસ્સો 90 ટકાથી વધુ છે. માલ પરિવહનમાં વધારામાં ખાનગી બંદરો અને કેપ્ટિવ જેટીનું પણ મોટું યોગદાન રહ્યું છે.

ગુજરાત મેરીટાઇમ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી રાજકુમાર બેનિવાલે જણાવ્યું હતું કે, જીએમબી ગુજરાતનાં બંદરોની ક્ષમતાઓ અને કાર્યદક્ષતાને પ્રોત્સાહન આપવા માટે વ્યૂહાત્મક પહેલો પર ધ્યાન કેન્દ્રીત કરવાનું ચાલુ રાખશે..

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

## Rain

રાજ્યનાં 21 તાલુકામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આવતી કાલે ગુજરાતનાં તમામ જિલ્લાઓમાં અનેક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

આજે સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી રાજ્યનાં 121 તાલુકામાં હળવોથી ભારે વરસાદ નોંધાયો હતો. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરનાં જણાવ્યા પ્રમાણે રાજકોટના લોધીકા તાલુકામાં બે કલાકમાં 4 ઈંચ વરસાદ, બનાસકાંઠાના ભાભરમાં બે કલાકમાં સાડા ત્રણ ઈંચ અને રાજકોટના ધોરાજીમાં 4 કલાકમાં ત્રણ ઇંચ વરસાદ પડ્યો હતો. મહેમદાવાદ તાલુકામાં બપોરનાં 12થી સાંજના ચાર વાગ્યા સુધી ત્રણ ઇંચ વરસાદ પડ્યો હતો.

## Rain ptc -1

ગાંધીનગરથી અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, ગાંધીનગર શહેરના સેક્ટરો, વાવોલ, કોલવડા, કુડાસણ, સરગાસણ, રાયસણ, સહિતના વિસ્તારોમાં વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. છોટા ઉદેપુર જિલ્લા માં ભારે બફારા બાદ એક સપ્તાહ બાદ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પર પ્રસરી છે અમદાવાદ શહેરી વિસ્તારમાં પણ આજે વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

છોટા ઉદેપુરથી અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે , છેલ્લાં એક સપ્તાહના વિરામ બાદ જિલ્લાના બોડેલી, જેતપુર પાવી, કવાંટ અને છોટા ઉદેપુરમાં આજે બપોર બાદ ધીમી ધારે વરસાદ વરસ્યો હતો.દ્વારકા જિલ્લામાં ભાટિયા પંથકમાં ધોધમાર વરસાદના પગલે ભાટિયાની બજારમા પાણી ભરાતાં જન જીવન પ્રભાવિત થયું હતું . જિલ્લામાં ભારે વરસાદને કારણે પ્રેમસર - ટંકારીઆના કોજવેના પૂલ પર પાણી ભરાઇ ગયુ હતું.

કચ્છના ચાર તાલુકામાં પણ વરસાદના હળવાથી ભારે ઝાપટા નોંધાયા છે. ભાવનગર થી અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે કે , બોટાદ શહેરના પાળીયાદ રોડ, ગઢડા રોડ, ભાવનગર રોડ, પાંચપડા, હીફલી, ભગતની વાડી સહિત શહેરના તમામ વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો .ગઢડા તાલુકાના ઢસા જલાલપુર, માંડવા, રસનાળ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.

પંચમહાલ જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા નાગરિકોને ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા વિકસિત “MAUSAM APP”, “DAMINI APP”, “MEGDOOT AGRO APP” અને “PUBLIC OBSERVATION APP” જેવી હવામાન ચેતવણી એપ્લિકેશનનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

MOUSAM મોબાઇલ એપ્લિકેશન દ્વારા લોકો હવામાનની આગાહીઓ, રડાર છબીઓ વગેરેની માહિતી મેળવી શકે છે. “DAMINI APP” ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને તેની દિશા અંગેની માહિતી આપે છે.

ખેડુતો “MEGDOOT AGRO APP” ની મદદથી હવામાનની માહિતીના આધારે પાકની સલાહ તેમજ અન્ય મહત્વપુર્ણ માહિતી પોતાની સ્થાનિક ભાષામાં જ મેળવી શકે છે. તેમજ ચોક્કસ સ્થળવાર હવામાનની જાણકારી માટે “PUBLIC OBSERVATION APP” બનાવવામાં આવેલી છે.

## Press Council of India

પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની એક્રેડિટેશન નિયમો અંગેની રાષ્ટ્રીય કક્ષાની પેટા સમિતિ હાલ રાજ્યની ત્રણ દિવસીય મુલાકાતે છે. દરમિયાન આજે આ સમિતિના સભ્યોએ રાજ્યના માહિતી નિયામક સહિતના માહિતી ખાતાના અધિકારીઓ તેમજ ગુજરાત પ્રેસ એક્રેડિટેશન સલાહકાર સમિતિના સભ્યો સાથે મુલાકાત કરી હતી. સમિતિએ ગુજરાત રાજ્યમાં પત્રકારો માટેના એક્રેડિટેશન કાર્ડ અંગેના નિયમોની

વિગતવાર માહિતી મેળવી, આ અંગે ચર્ચા કરી હતી. સમિતિએ ગુજરાત પ્રેસ એક્રેડિટેશન સલાહકાર સમિતિ તેમજ સ્થાનિક પત્રકારો પાસેથી સૂચનો મેળવ્યા હતા, જ્યારે સમિતિ દ્વારા કેટલાંક જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યાં હતાં.

## FATAFAT

- સુરતના સુરતના જાયન્ટ્સ ગ્રૂપ ઓફ નર્મદા નગરી સંસ્થાના હોદ્દેદારોએ, ડાંગના જરૂરિયાતમંદ પરિવારો માટે અનાજ, કપડા, પગરખાનું વિતરણ કર્યું હતું.
- તાપીના વ્યારા ખાતે શૌર્યચક્રથી સન્માનિત સીઆરપીએફના જવાન મુકેશ ગામીતનું સન્માન કરાયું હતું.
- ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીમાં ઇન્ચાર્જ કલેક્ટર બી.બી.ચૌધરીની ઉપસ્થિતિમા જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ
- પાટણમાં જિલ્લાના સરસ્વતી તાલુકામાં આવેલી સરકારી મોડેલ શાળા વાગડોદમાં બાળ સંસદ કાર્યક્રમ યોજાયો.
- ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી તેમજ થિયેટર પીપલ જામનગર દ્વારા ગુજરાતી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત કવિ રમેશ પારેખ ની કવિતાઓને ઉજવવાનો કાર્યક્રમ યોજાયો
- વલસાડની કસ્તુરબા હોસ્પિટલને 81વર્ષની ઉત્કૃષ્ટ સેવા માટે હેલ્થકેર ઓનર્સ કોન્ક્લેવ-2024 એવોર્ડ
- ગોધરા ખાતે આગામી ૨૪ જુલાઈના રોજ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે
- પોરબંદર જિલ્લાની એમ. ડી. સાયન્સ કોલેજ ખાતે માનસિક આરોગ્ય જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

- નર્મદા જિલ્લામાં 315 શાળામાં ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓ માટે 915 સ્માર્ટ ક્લાસ તૈયાર કરાયા છે.
- રાજકોટ **બાલભવન ખાતે તા. ૧૨ થી ૧૪ જુલાઈના શાસ્ત્રીય નૃત્ય તાલીમ શિબિર યોજાશે**